નવસારીમાં દીવા તળે અંધારું: દિવાળીની રોશનીથી ઝળહળતા શહેરમાં રેલવે અંડરપાસ અંધકારમાં ડૂબેલો

નવસારી અંડરપાસની સ્ટ્રીટલાઈટો બંધ

રોશનીના ઉત્સવ વચ્ચે પાલિકાની બેદરકારીથી વાહનચાલકોની સલામતી જોખમાઈ

અંધકારમાં અકસ્માતનું જોખમ, તંત્ર વહેલી તકે લાઇટિંગ વ્યવસ્થા સુધારે તેવી પ્રબળ માંગ



નવસારી : દિવાળીના પ્રકાશપર્વમાં નવસારી શહેર રોશનીના ઝાકમઝોળથી ઝળહળી રહ્યું છે. શહેરના મુખ્ય માર્ગો, સર્કલો અને ઐતિહાસિક સ્થળોને આકર્ષક લાઈટિંગથી શણગારવામાં આવ્યાં છે. રાત્રિના સમયે શહેરનો નજારો દીપોત્સવની રોનકમાં રંગાયેલો જોવા મળે છે. પરંતુ આ ચમકદમકની વચ્ચે શહેરના અત્યંત વ્યસ્ત રેલવે અંડરપાસમાં ઘોર અંધકાર છવાયેલો હોવાની સ્થિતિ તંત્રની કામગીરી સામે મોટો સવાલ ઊભો કરી રહી છે.

એક તરફ શહેરને રોશનીથી સજાવવાના આયોજન થઈ રહ્યાં છે, તો બીજી તરફ હજારો વાહનચાલકો અને રાહદારીઓની અવરજવર ધરાવતા અંડરપાસમાં સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી રાત્રે જોખમી સ્થિતિ સર્જાઈ રહી છે. બે મહત્ત્વના વિસ્તારોને જોડતો આ માર્ગ રોજિંદા વાહનવ્યવહાર માટે મહત્ત્વનો છે, છતાં અહીં પ્રકાશની પાયાની સુવિધા જ ખોરવાયેલી છે.

અંડરપાસમાં અંધારું એટલું છે કે વાહનચાલકોને રસ્તાની સ્થિતિ, ખાડા અને વળાંકનો અંદાજ મેળવવામાં મુશ્કેલી પડે છે. ખાસ કરીને ટુ-વ્હીલરચાલકો માટે અચાનક બ્રેક મારવી કે સામેથી આવતા વાહનને ઓળખવું મુશ્કેલ બની શકે છે. મહિલાઓ, વૃદ્ધો અને પગપાળા પસાર થતા નાગરિકો માટે પણ રાત્રિની અવરજવર અસુરક્ષિત બની રહી છે. તહેવારોના દિવસોમાં વાહનવ્યવહાર વધતો હોવા છતાં લાઈટિંગની સમસ્યાનો ઉકેલ ન આવતાં નાગરિકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

અહીં સૌથી મોટો સવાલ એ છે કે શહેરની સુંદરતા વધારવા માટે રોશની પાછળ આયોજન થઈ શકે છે તો નાગરિકોની સુરક્ષા માટે જરૂરી અંડરપાસની લાઇટો ચાલુ કરાવવામાં વિલંબ શા માટે? બંધ સ્ટ્રીટલાઇટોની તપાસ કરવાની અને સમયસર સમારકામ કરાવવાની જવાબદારી કયા વિભાગની છે? શું તંત્ર કોઈ અકસ્માત સર્જાય ત્યાર બાદ જ આ સમસ્યાને ગંભીરતાથી લેશે? રોશનીના પર્વમાં શહેરના અંડરપાસને અંધારામાં રાખવું એ વિકાસની ઝાકમઝોળ વચ્ચેની વાસ્તવિક સમસ્યા છે. શહેર ઝગમગે તે જરૂરી છે, પરંતુ શહેરના નાગરિકો સુરક્ષિત રહે તે અનિવાર્ય છે.

પાલિકા પાસે નાગરિકોના પાંચ સવાલ

1. અંડરપાસની સ્ટ્રીટલાઇટો કેટલા સમયથી બંધ છે?
2. લાઇટોની જાળવણીની જવાબદારી કયા વિભાગની છે?
3. બંધ લાઇટોની તપાસ છેલ્લે ક્યારે કરવામાં આવી હતી?
4. સમારકામ માટે કોઈ સમયમર્યાદા નક્કી થઈ છે?
5. અંડરપાસમાં કાયમી પ્રકાશ વ્યવસ્થા ક્યારે કાર્યરત થશે?

બીલીમોરામાં ટ્રેનની ટક્કર લાગતા યુવાનનું મોત

બીલીમોરા : બીલીમોરા રેલવેની ડાઉનલાઈન પરથી પસાર થતી ટ્રેનની અડફેટે એક અજાણ્યો શખ્સ આવી જતા તેનું મોત નીપજ્યું છે. તા ૯/૧૧/૨૦૨૬ એ સવારે સાડા આઠ કલાકે બીલીમોરા રેલવે સ્ટેશનના દક્ષિણ તરફના યાર્ડ પાસેની ડાઉન રેલવે લાઈન પરથી પસાર થતી ટ્રેનની અડફેટે એક ૩૫ થી ૪૦ વર્ષનો અજાણ્યો શખ્સ આવી જતા તેને માથા તથા શરીરે પહોંચેલી ગંભીર ઈજાને કારણે તેનું કરુણ મોત નીપજ્યું છે. મરનારનો બાંધો મધ્યમ છે. ઊંચાઈ પાંચ ફૂટ પાંચ ઈંચ,રંગે ઘઉંવર્ણા, જેને શરીર ઉપર કાળા રંગની હાફ બાઈની ટીશર્ટ તથા કમરે ભૂરા રંગનું જીન્સ પેન્ટ પહેર્યું છે. બીલીમોરા રેલવે પોલીસે મૃત શખ્સના વાલીવારસોએ બીલીમોરા રેલવે આઉટ પોસ્ટના કોન્સ્ટેબલ રાજુબેનનો સંપર્ક કરવા માટે જણાવવામાં આવે છે.













Superform Chemistries Limited



Smt. Sandraben Shroff Gnyan Dham School



Sandra Shroff College Of Nursing



UPL University of Sustainable Technology